# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળની જા.ક્ર. **(1) ૧૬૮/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ફેબ્રિકેશન ગ્રુપ) **(2) જા.ક્ર. ૧૬૯/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર ( **રેફ્રિજરેશન એન્ડ એર કંડીશનીંગ** ગ્રુપ) **(3) જા.ક્ર. ૧૭૨/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇન્સ્ટ્રુમેન્ટેશન ગ્રુપ), **(4) જા.ક્ર. ૧૭૭/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (કોમ્પ્યુટર ગ્રુપ), વર્ગ-૩ સંવર્ગોની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તેમજ જાન્યુઆરી- ૨૦૨૦ તેમજ ડિસેમ્બર -૨૦૨૦ દરમ્યાન યોજવામાં આવેલ બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ-એમ બંને કસોટીઓમાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે પસંદગી/ પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોની જાહેરાત - સંવર્ગવાર યાદી **(બેઠક ક્રમાનુસાર)** નીચે આપેલ લીન્ક ફાઇલ પર મૂકવામાં આવેલ છે. જે જોઇ લેવા સંબંધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.

**૧.જા.ક્ર.૧૬૮/૨૦૧૮૧૯–સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (ફેબ્રીકેશન ગ્રુપ), (અહીં ક્લિક કરો)**

**૨.જા.ક્ર.૧૬૯/૨૦૧૮૧૯–સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (રેફ્રિજરેશન એન્ડ એર કંડીશનીંગ ગ્રુપ), (અહીં ક્લિક કરો)**

**૩.જા.ક્ર.૧૭૨/૨૦૧૮૧૯– સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (ઈન્સ્ટ્રુમેન્ટેશન ગ્રુપ) (અહીં ક્લિક કરો)**

**૪.જા.ક્ર.૧૭૭/૨૦૧૮૧૯– સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (કોમ્પ્યુટર ગ્રુપ), (અહીં ક્લિક કરો)**

- **રમત ગમતના પ્રમાણપત્રના નિયત નમૂના માટે (અહીં ક્લિક કરો)**
- **પ્રમાણપત્રોની ચકાસણી માટે ઉપસ્થિત રહી ન શકનાર ઉમેદવારે આપવાના ઓથોરાઈઝેશન પત્રકના નમૂના માટે (અહીં ક્લિક કરો)**

ઉકત સંવર્ગોના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટેનો કાર્યક્રમ અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સંબંધેની ઉમેદવારો માટેની સુચનાઓ નીચે દર્શાવ્યા મુજબ છે. **અનિવાર્ય કારણોસર મંડળ આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે.**

## પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ

**સ્થળઃ કમિટિ હોલ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં. ૨, પ્રથમ માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર**

| અ. નં. | જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | પ્રમાણપત્રોની ચકાસણીની તારીખ | સમય | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | જા.ક્ર. ૧૬૯/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (રેફ્રિજરેશન એન્ડ એર કંડીશનીંગ ગ્રુપ) | ૧૬/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૧ થી ૪૦ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૪૧ થી ૭૯ |
| ૨ | જા.ક્ર. ૧૭૨/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇન્સ્ટ્રુમેન્ટેશન ગ્રુપ) | ૧૮/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૧ થી ૩૫ |
| | | ૧૮/૦૧/૨૦૨૧ | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૩૬ થી ૭૦ |
| ૩ | જા.ક્ર. ૧૬૮/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ફેબ્રીકેશન ગ્રુપ) | ૧૯/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૧ થી ૩૫ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૩૬ થી ૭૦ |
| | | ૨૦/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૭૧ થી ૧૦૫ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૧૦૫ થી ૧૪૦ |
| | | ૨૧/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૧૪૧ થી ૧૭૮ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૧૭૯ થી ૨૧૬ |
| ૪ | જા.ક્ર. ૧૭૭/૨૦૧૮૧૯, સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (કોમ્પ્યુટર ગ્રુપ) | ૨૨/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૧ થી ૩૫ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૩૬ થી ૭૦ |
| | | ૨૭/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૭૧ થી ૧૦૫ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૧૦૬ થી ૧૪૦ |
| | | ૨૮/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૧૪૧ થી ૧૭૫ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૧૭૬ થી ૨૧૦ |
| | | ૨૯/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૨૧૧ થી ૨૪૫ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૨૪૬ થી ૨૮૦ |
| | | ૩૦/૦૧/૨૦૨૧ | સવારે ૧૦–૦૦ કલાકે | ક્રમ ૨૮૧ થી ૩૧૫ |
| | | | બપોરે ૧૪–૦૦ કલાકે | ક્રમ ૩૧૬ થી ૩૫૩ |

**સૂચનાઓઃ–**

(૧) પ્રસ્તુત યાદીમાં, ઉમેદવારોએ પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ- એમ બંને પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરી વાઇઝ પસંદગી/ પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સારૂ બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) ઉપર દર્શાવેલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની સંખ્યા અને જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાઓની વિગતો ધ્યાને લઇ ઉમેદવારોએ ઉકત બંને પરીક્ષામાં મેળવેલ એકત્રિત ગુણના મેરીટસ આધારે પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૩) ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી પૂર્ણ થયા બાદ આખરી પરિણામ પ્રસિદ્ધ થયેથી સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોએ મેળવેલ માર્કસની વિગતો મંડળની વેસાઇટ પરથી જોઇ શકાશે. તેથી આખરી પરિણામ પ્રસિદ્ધ થયા પહેલાં માર્કસ જાણવા અંગેની કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની તમામ ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

(૪) ઉમેદવાર, ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી/ પ્રતિક્ષા યાદીમાં સમાવેશ માટેનો કોઇ હક્ક દાવો કરી શકશે નહીં.

(૫) ઉપર દર્શાવેલ યાદીઓમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી ઉપર દર્શાવેલ કાર્યક્રમ મુજબ કરવામાં આવનાર છે. તે માટે સંબંધિત ઉમેદવારોને રૂબરૂ ઉપસ્થિત રહેવાની જાણ કરતા વ્યક્તિગત પત્રો અલગથી પોસ્ટ મારફત રવાના કરવામાં આવી રહેલ છે. જો કોઇ ઉમેદવારોને ઉકત પત્રો, પ્રમાણપત્રોની ચકાસણીની સંબંધિત તારીખ પહેલાં ટપાલમાં મળેલ ન હોય તો પણ તેવા ઉમેદવારોએ કાર્યક્રમમાં દર્શાવેલ નિયત તારીખ અને સમયે નીચે દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બે-બે ઝેરોક્ષ નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે.

(૧) મંડળ તરફથી મળેલ પત્ર.
૨ - પાસપોર્ટ સાઇઝના ફોટા, આઇ.ડી. પ્રુફ

(૨) જન્મ તારીખના પુરાવા માટેઃ- શાળા છોડયાનો દાખલો
- ધોરણ - ૧૦ અને ૧૨ ની માર્કશીટ અને પ્રમાણપત્ર જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.

(૩) શૈક્ષણિક લાયકાતમાં જે તે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતના છેલ્લા વર્ષ/ સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર

(૪) જાહેરાતમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનું સંબંધિત ક્ષેત્રમાં અનુભવનું પ્રમાણપત્ર

(૫) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનો દાખલો.

(૬) **S.E.B.C.** ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર તેમજ તા. ૦૧/૦૪/૨૦૧૭ થી તા. ૦૬/૦૫/૨૦૧૯ દરમ્યાન ઇસ્યૂ થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭, ૨૦૧૭-૨૦૧૮, ૨૦૧૮-૨૦૧૯ નું નોન- ક્રિમિલેયર પ્રમાણપત્ર.

(૭) આર્થિક રીતે નબળા (**EWS**) વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર તેમજ તા. ૧૪/૦૧/૨૦૧૯ થી તા. ૦૬/૦૫/૨૦૧૯ દરમ્યાન ઇસ્યૂ થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯ નું આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર.

(૮) કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર

(૯) વધુ અભ્યાસ કર્યો હોય તો છેલ્લા વર્ષનું પ્રમાણપત્ર અને માર્કશીટ.

(૧૦) માજી. સૈનિક ઉમેદવારોએ ડિસ્ચાર્જ બુક તેમજ અન્ય પુરાવા

(૧૧) **P.H.** ઉમેદવારો માટે **P.H.** તરીકેનું નિયત નમૂનામાં સરકારી સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જનનું પ્રમાણપત્ર

(૧૨) વિધવા સ્ત્રી ઉમેદવારો માટે પુનઃ લગ્ન કરેલા ન હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું જરૂરી પ્રમાણપત્ર

(૧૩) સ્પોર્ટસ ઉમેદવારો માટે નિયત રમતો પૈકીની રમતમાં નિયત કક્ષા (રાષ્ટ્રીય/ આંતર રાષ્ટ્રીય કક્ષા **અથવા** આંતર યુનિવર્સિટી **અથવા** અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં) એ પ્રતિનિધિત્વ કરેલ હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર

સ્થળઃ ગાંધીનગર — સચિવ

તારીખઃ ૦૧/૦૧/૨૦૨૧ — ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર